# સાવધાન ! તમે દેવદ્રવ્યના દેવાદાર તો નથી ને ?

## દુર્ગતિ ની હારમાળાથી બચવા, આટલું અવશ્ય વાંચીને સમજી લેશો.

સાકેતપુર નગરનો સાગર નામનો શ્રેષ્ઠી એક હજાર કાકણી (રૂ.) દેવદ્રવ્ય સંગ્રહી ઘોર દુષ્કર્મ બાંધ્યું આલોચના વિના મરી... જલ મનુષ્ય - મહામત્સ્યના ભવોમાં ૬-૬ મહિના ઘંટીમાં પીલાતાં મહાવેદના ભોગવી અનુક્રમે સાતે નારકીમાં બે-બે વાર ઉત્પન્ન થયા...

## ત્યારબાદ સમયના અંતરે કે નીરંતર ...,

| | | | | | |
|---|---|---|---|---|---|
| હજારભવ | કુતરાના | હજારભવ | સર્પના | હજારભવ | કૃમિના |
| હજારભવ | શૂકર (ભુંડ)ના | હજારભવ | વિંછીના | હજારભવ | પતંગિયાના |
| હજારભવ | એડક (બકરો)ના | હજારભવ | પૃથ્વીકાયના | હજારભવ | માખીના |
| હજારભવ | મૃગના | હજારભવ | અપ્કાયના | હજારભવ | ભમરાના |
| હજારભવ | અંબરના | હજારભવ | તેઉકાયના | હજારભવ | કાચબાના |
| હજારભવ | શિયાળના | હજારભવ | વાયુકાયના | હજારભવ | મગરના |
| હજારભવ | બીલાડાના | હજારભવ | વનસ્પતિકાયના | હજારભવ | પાડાના |
| હજારભવ | ઉંદરના | હજારભવ | શંખના | હજારભવ | ગધેડાના |
| હજારભવ | નોળિયોના | હજારભવ | છીપના | હજારભવ | ખચ્ચરના |
| હજારભવ | ગરોળીના | હજારભવ | માછલાના | હજારભવ | ઘોડાના |
| હજારભવ | ગોધાના | હજારભવ | કીડાના | હજારભવ | હાથીના કર્યા. |

## આ બધા જ ભવોમાં શસ્ત્રઘાત વિગેરેથી મહાવ્યથા ભોગવી મરે છે.

પછી તે જીવ - વસંતપુરમાં કોટ્યાધિપતિ વસુદત્તને ત્યાં ઉત્પન્ન થયો. ગર્ભમાં આવતાંજ સર્વ દ્રવ્યનો નાશ થયો. જન્મ થતાં જ પિતાનું મૃત્યુ થયું. પાંચ વર્ષે માતાનું મૃત્યુ થયું. તેથી લોકોએ તેમનું નામ નિષ્પુણ્યક પાડયું. બધી જગ્યાએ હડધુત થતો યુવાન થાય છે અને ભાગ્ય અજમાવવા પરદેશ જાય છે. દરિયાઈ માર્ગે એક લાકડાના સહારે મહા મહેનતે કિનારે આવ્યો અને જ્યાં જ્યાં ગયો ત્યાં સર્વત્ર કુતરાની જેમ હડધૂત થયો.

એકવાર જંગલમાં ભટકતાં ભટકતાં જ્ઞાની ગુરુ મહારાજ નો યોગ થયો. પોતે જીવનથી ત્રાસી ગયેલો તેથી ગુરૂ ભગવંતને પૃચ્છા કરી. ગુરૂ મહારાજે પૂર્વભવોનો સર્વ વૃત્તાંત કહ્યો. નિષ્પુણ્યકે ગુરુ ભગવંત પાસે પ્રાયશ્ચિત માંગ્યું, ગુરુભગવંતે કહ્યું. "અધિક દેવદ્રવ્યની ભરપાઈ - રક્ષણ અને વૃદ્ધિ કરવા દ્વારા આ દુષ્કર્મ નષ્ટ થાય છે".

**ગુરુ ભગવંતની વાત સાંભળી નિષ્પુણ્યક ત્યાં જ નિયમ કરે છે. કે-**

હજાર ગણું દેવદ્રવ્ય ન ભરાય ત્યાં સુધી એકજોડ વસ્ત્ર અને રોજના આહારથી વધુ થોડુ પણ દ્રવ્ય પોતાની પાસે ન રાખવું.... ધીરે ધીરે દેવદ્રવ્ય ભરપાઈ કરી અનૃણી થયો. પછી સ્વદ્રવ્યથી વિશાળ જિનમંદિર કરાવી અખંડ જિનભક્તિ કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું પછી દીક્ષા લઈ સંયમ આરાધના કરી અંતે કાળ કરી દેવ બની, મહાવિદેહમાં તીર્થંકર બની સિદ્ધિ પામ્યા.

# દેવદ્રવ્ય એટલે શું ? તેમા ક્યા દ્રવ્યોનો સમાવેશ થાય ?

- ❖ પરમાત્માને સમર્પણ કરાયેલુ દ્રવ્ય : દેવદ્રવ્ય.
- ❖ અષ્ટ પ્રકારી પૂજાના ચડાવાનુ દ્રવ્ય: દેવદ્રવ્ય.
- ❖ પરમાત્માની રથયાત્રાના સાંબેલાનું દ્રવ્ય: દેવદ્રવ્ય.
- ❖ મહાપૂજા-મહાઆંગી વગેરેના નિર્માલ્યનુ દ્રવ્ય : દેવદ્રવ્ય.
- ❖ આરતીમાં મૂકેલુ-આરતીના ચડાવાનું દ્રવ્ય : દેવદ્રવ્ય.
- ❖ ભંડારમાં નાંખેલુ દ્રવ્ય : દેવદ્રવ્ય.
- ❖ અંજનશલાકા, પ્રતિષ્ઠાના ચડાવાનું દ્રવ્ય : દેવદ્રવ્ય.
- ❖ સંઘમાળ, ઉપધાનમાળનું દ્રવ્ય : દેવદ્રવ્ય.
- ❖ પર્યુષણા મહાપર્વમાં સ્વપ્નની ઉછામણીનુ દ્રવ્ય : દેવદ્રવ્ય.
- ❖ પરમાત્મા પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને આપેલુ દ્રવ્ય : દેવદ્રવ્ય.

**દેવદ્રવ્ય નો ઉપયોગ જૂના દેરાસરોના જિર્ણોધ્ધાર અને નવા દેરાસરો અને મૂર્તિના નિર્માણ શિવાય કરતા દેવદ્રવ્યના ભક્ષણનો દોષ લાગે છે.**

## દેવદ્રવ્યના સુયોગ્ય આજ્ઞા મુજબના વહીવટના લાભો

- ❖ ધંધામાં બંધાયેલા પાપોને ધોવાનો અવસર.
- ❖ બુધ્ધિ-પ્રજ્ઞા-આવડત નો સદ્ઉપયોગ.
- ❖ સંઘના સભ્યો, દાતાઓની વિશ્વસનીયતા.
- ❖ વિધ-વિધ ગુરૂભગવંતો નો પરિચય.
- ❖ અનેક સંઘો-તીર્થોની મુલાકાત દર્શન પૂજનનો લાભ.
- ❖ અનંત કર્મ નિર્જરા દ્વારા આત્મવિશુધ્ધિ.
- ❖ તીર્થકરનામ કર્મના બંધદ્વારા આત્મપુષ્ટિ.
- ❖ પ્રભાવના-રક્ષા-આરાધના ના પ્રસંગે જવાબદાર તરીકે યોગ-દાન નો અવસર.
- ❖ દ્રવ્યોના સુયોગ્ય દાનની ભાવના પેદા કરાવાનો લાભ.
- ❖ સદ્ગતિ અને મુક્તિ સુનિશ્ચિત.

## દેવદ્રવ્યના મરજી મુજબ વહીવટના ગેરલાભો

- ❖ પરમાત્માની આજ્ઞાનો ભંગ
- ❖ વિરાધના-મિથ્યાત્વ આદિ દોષો લાગે.
- ❖ ખોટી પરંપરાઓ ઉભી થાય. ❖ સંઘનો અને દાતાનો વિશ્વાસઘાત.
- ❖ દાનની ગંગા સુકવવાનું પાપ.
- ❖ લોકમાં નિંદા થાય, પ્રતિષ્ઠા-મોભો હણાય.
- ❖ રાજકીય કાર્યવાહીમાં શાસન અપભ્રાજના.
- ❖ પૂણ્ય ઢોળાઈ જાય. ❖ આત્મવિકાસ ખોરવાય.
- ❖ સીદાતા ક્ષેત્રો વધુ સીદાય.
- ❖ પરલોકમાં જૈન ધર્મ ન મલે.
- ❖ દુગર્તિ અને સંસાર પરિભ્રમણ સુનિશ્ચિત.

**જૈન શાસનની સ્થાવરમૂડી જેવા દેવદ્રવ્યનુ ભક્ષણ અથવા તેની ઉપેક્ષા જાણતા કે અજાણતા પણ થાય તો તેના દારૂણ પરિણામ આ ભવમાં - પરભવમાં ભોગવવા પડે છે.**

**સંઘના આરાધક-દાતાઓને**

જિનભક્તિ સંબંધી કે સ્વપ્નોની ઉછામણી કે રથયાત્રાના ચડાવા આદિના રૂપિયા ભરવાના બાકી તો નથી ને ? જો બાકી હોય તો સમયસર ભરી દેવા.

**શાસ્ત્રો કહે છે.**

**સંઘના દ્રવ્યનો વહીવટ કરનારને ...**

કદાચ ધંધાની ઉઘરાણીમાં કરેલી ઢીલાશ એ બહુ લાંબુ નુકશાન નહીં કરે, જ્યારે ધર્મદ્રવ્યની ઉઘરાણીમાં કરેલી ઢીલાશ આપત્તિની પરંપરા સર્જે છે.

**કર્મસત્તાને તમારૂં એડ્રેસ ગોતવામાં વાર નહીં લાગે!**

(શ્રીસંઘમાન્ય દ્રવ્યસપ્તતિકા, ધર્મસંગ્રહ, શ્રાધ્ધવિધિ આદિ ગ્રંથોના આધારે...)